અમદાવાદ હોમીઓપેથીક મેડીકલ કોલેજ
માં પ્રથમ વર્ષ પ્રવેશમાં ૫૦ બેઠકો વધારી
કુલ ૧૦૦ બેઠક કરવા બાબત..

ગુજરાત સરકાર,
આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ,
ઠરાવ ક્રમાંક: એચએમસી-૧૦૯૪-૧૮૪૧-છ,
સચિવાલય, ગાંધીનગર,
તારીખ:- -૮-૧૯૯૪.

-8 AUG 1994

સંદર્ભ :-

૧. આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગનો તા. ૨૪-૬-૯૩નો ઠરાવ
ક્રમાંક: એચએમસી-૧૦૯૨-૨૨૫૨-છ,

૨. જિલ્લા આયુર્વેદ અધિકારી અમદાવાદનો તા. ૧૭-૫-૯૪નો પત્ર ક્રમાંક:
જિ. પં. -આયુ-અસ્ક-હોમીઓ-કો-૯૪-વશી-૨૭૩.

ઠ રા વ
---------

સંદર્ભ-।૧। હેઠળના ઠરાવ અન્વયે પારૂલ આરોગ્ય સેવા મંડળને અમદાવાદ શહેરમાં ૫૦ વિદ્યાર્થીની પ્રવેશ સંખ્યામાં સાથે પ્રથમ વર્ષ ડીએચએમએસ ના અભ્યાસક્રમ શરૂ કરવા માટે ૧૯૯૩-૯૪ના વર્ષ માટે શરતી મંજૂરી આપવામાં આવેલ છે.

આ સંસ્થાને વધુ ૫૦ બેઠકો મંજૂર કરવાની બાબત સરકારની વિચારણામાં હતી પુખ્ત વિચારણાના અંતે શૈક્ષણિક વર્ષ ૧૯૯૪-૯૫ થી પારૂલ આરોગ્ય સેવા મંડળ સંચાલિત "અમદાવાદ હોમીઓપેથીક મેડીકલ કોલેજમાં પ્રથમ વર્ષ ડીએચએમએસની હાલની ૫૦ વિદ્યાર્થીની પ્રવેશ સંખ્યા ઉપરાંત વધુ ૫૦ પ્રવેશ બેઠકો આથી મંજૂર કરીને કુલ ૧૦૦ બેઠકો રાખવાનું નીચેની શરતો મુજબ ઠરાવવામાં આવે છે.

।૧। સેન્ટ્રલ કાઉન્સીલ ઓફ હોમીઓપેથી ।મીનીમમ સ્ટાન્ડર્ડ ઓફ એજ્યુકેશન। રેગ્યુલેશન ૧૯૮૩ની જોગવાઈઓ અનુસાર કોલેજની સંલગ્ન હોસ્પિટલમાં ૧ પથારી દીઠ ૨ વિદ્યાર્થીઓના પ્રમાણ મુજબ કુલ ૫૦ પથારીની સગવડ તથા તેને આનુસાંગીક તમામ સગવડો અને વ્યવસ્થા ઉભી કરીને રાજ્ય હોમીઓપેથી કાઉન્સીલનું તે અંગેનું પ્રમાણપત્ર સરકારને રજૂ કરવાનું રહેશે.

..૨..

।૨। સંદર્ભ-૧ હેઠળના ઠરાવની શરત-૪ મુજબની સેન્ટ્રલ કાઉન્સીલ ઓફ હોમીઓપેથીથી નવી દિલ્હીની મંજૂરી સંસ્થાએ મેળવેલ નથી જે ૯૪-૯૫ ના શૈક્ષણિક વર્ષમાં અનિવાર્યપણે સંસ્થાએ પોતે મેળવી લેવાની રહેશે.

।૩। આ બેઠકો ઉપર વખતો વખત સુધારાઈ પ્રમાણેના સરકારના પ્રવેશ નિયમો પ્રમાણે પ્રવેશ આપવાના રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

: ડંકેશ ઓઝા :
નાયબ સચિવ,
આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ.

પ્રતિ,

માન. મુખ્યમંત્રીશ્રીના અંગત સચિવશ્રી.
માન. મંત્રીશ્રી આરોગ્ય તેમજ માન. રાજ્યમંત્રીશ્રી આરોગ્યના અંગત સચિવશ્રીઓ.
નિયામકશ્રી ભારતીય તબીબી અને હોમીયોપેથી પધ્ધતિ, ગાંધીનગર.
રજીસ્ટ્રાર, ગુજરાત હોમીઓપેથીક કાઉન્સીલ, ઓપીડી બિલ્ડીંગ,
સિવિલ હોસ્પિટલ, અમદાવાદ.
મદદનીશ નિરીક્ષક સ્થાનિક ભંડોળ હિસાબ અમદાવાદ
સચિવશ્રી સેન્ટ્રલ કાઉન્સીલ ઓફ હોમીઓપેથી ૧૦ કોમ્યુનીટી સેન્ટર,
વસંતલોક વસંત વિહાર નવી દિલ્હી-૧૧૦૦૫૭.
જિલ્લા આયુર્વેદ અધિકારી, અમદાવાદ.
પ્રમુખશ્રી પારૂલ આરોગ્ય સેવા મંડળ કોઠી ચાર રસ્તા, વડોદરા.
સીલેક્ટ ફાઈલ
મદદનીશ સિલેક્ટ ફાઈલ.